TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
iSC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE
PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ તેરસ મંગળવાર ૨૫ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# H-1B વિઝા પર રૂ. 98 લાખની ફી

**અમેરિકાના** H-1B વિઝા માટે 103,265 ડોલર વધારાની ફી લેવા માટેનો પ્રસ્તાવ

**અમેરિકાના** હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ દ્વારા આ નવી ફીનો પ્રસ્તાવ મૂકાયો, હાલની અરજી ફી ઉપરાંત આ ફી લેવાશે

**આ વિઝાની** સંખ્યાની ટોચમર્યાદાની અંદર આવતી તમામ અરજીને આ ફી લાગુ પડશે, ભારતીયોને મોટા પ્રમાણમાં અસર થશે

**OPT પ્રોગ્રામ** માટે પણ નવી ફી રજૂ કરવાની દરખાસ્ત હોવાનો અહેવાલ





**વૉશિંગ્ટન, તા. 24 :** અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS) એ સોમવારે જણાવ્યું હતું કે, અમેરિકાએ એડવાન્સ્ડ ડિગ્રી મુક્તિ માટે પાત્ર હોય તેવા અરજદારો સહિત તમામ H-1B વિઝા કેપ-સબ્જેક્ટ અરજીઓ માટે 103,265 ડોલર ફીનો પ્રસ્તાવ મૂક્યો છે.

DHSનો આ નવો પ્રસ્તાવ એક ફેડરલ અપીલ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રની H-1B વિઝા અરજીઓ માટે USD 1,00,000 ફી વસૂલવાની યોજનાને રદ કરતા ડિસ્ટ્રિક્ટ જજના ઓર્ડર પર સ્ટે આપવાની વિનંતીને ફગાવી દીધાના એક મહિના પછી આવ્યો છે.

ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત થયેલી એક નોટિસ અનુસાર, ...DHS એ મંજૂર થયેલી USD 103,265 ની રકમને હાલની H-1B પિટિશન ફી સાથે જોડવાને બદલે એક અલગ, વધારાની H-1B ફી તરીકે અમલમાં મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં જણાવાયું છે કે આ ફી માત્ર H-1B કેપ-સબ્જેક્ટ અરજીઓ પર જ લાગુ થશે, પરંતુ વિઝા સંખ્યાની ટોચ મર્યાદાની ઉપરવટ પણ જેમને વિઝા આપી શકાય છે તેવી ખાસ વ્યક્તિઓની કેપ-મુક્ત ફાઈલિંગ પર આ ફી લાગુ થશે નહીં. આ કારણોસર, DHS એ નોટિસમાં જણાવ્યું છે કે તેઓ USD 103,265 ની રકમને હાલની H-1B પિટિશન ફી સાથે જોડવાને બદલે એક સ્વતંત્ર, વધારાની H-1B ફી તરીકે લાગુ કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

જ્યારે કે ન્યૂ યોર્ક સ્થિત ઈમિગ્રેશન લો ફર્મ 'ફ્રેગોમેન'ના જણાવ્યા અનુસાર, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ H-1B વર્ક વિઝા પ્રોગ્રામ અને F-1 ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામ બંને માટે નવી ફી માટેની નિયમનકારી પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

આ ઘટનાક્રમ ભારતીયો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે H-1B વિઝા મેળવનારાઓમાં સૌથી વધુ સંખ્યા ભારતીયોની છે. USCIS (યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝ)ના એક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ 2024 માં મંજૂર કરાયેલી H-1B અરજીઓમાંથી 71% ભારતમાં જન્મેલા અરજદારો માટે હતી. જ્યારે H-1B વિઝા એ ખાસ ક્ષેત્રોમાં કામ કરતા વિદેશી વ્યાવસાયિકો માટે છે, ત્યારે F-1 ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમ સંબંધિત ભૂમિકાઓમાં કામચલાઉ ધોરણે કામ કરવાની મંજૂરી આપે છે.

## દિલ્હી-NCR જળબંબાકાર

**3 કલાકમાં** ચાર ઈંચ સુધી વરસાદ, ઉત્તર ભારતના કેટલાંક શહેરોમાં ભારે વરસાદ

**વરસાદની** આગાહી વચ્ચે આજે ગુરુગ્રામમાં વર્ક ફ્રોમ હોમની સલાહ

**એક્સપ્રેસવે** અને અંડરપાસ પાણીમાં ગરકાવ; સોહના રોડ પર 4 કિમી લાંબો જામ થતાં શાળાની બસો અને એમ્બ્યુલન્સ અટવાઈ

**આગામી** દિવસોમાં પણ ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા





**નવી દિલ્હી, તા. 24 (PTI):** ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં સોમવારે ભારે વરસાદથી ભારે હાલાકી સર્જાઇ હતી કેટલીક ફ્લાઇટ ડાયવર્ટ કરવી પડી હતી, જળબંબાકારની સ્થિતિ સર્જાઈ અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ. સૌથી વધુ અસર દિલ્હી-NCRમાં જોવા મળી. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં પણ દિવસ દરમિયાન વરસાદ પડ્યો.

દિલ્હી-એનસીઆર (NCR) સહિત આસપાસના વિસ્તારોમાં મુસળધાર વરસાદ પડ્યો હતો. રવિવારના અસહ્ય ઉકળાટ અને ભેજવાળા વાતાવરણ બાદ સોમવારે વહેલી સવારે હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને ભારે પવન સાથે શરૂ થયેલા વરસાદે સમગ્ર દિલ્હી, ગુરુગ્રામ, નોઇડા અને ગાઝિયાબાદને જળબંબાકાર કરી દીધું હતું.

...અનુસંધાન પાના 15 પર

### 390થી વધુ ફ્લાઇટ્સ મોડી, 26 રદ કરાઈ

દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક (IGI) પર ખરાબ હવામાન અને વિઝિબિલિટી ઓછી હોવાના કારણે વિમાન વ્યહવાર ખોરવાઈ ગયોઈ હતી. ખરાબ હવામાનના કારણે 15 ફ્લાઇટ્સ (જેમાં 3 આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ સામેલ છે)ને અન્ય શહેરો તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. આમાંથી 12 ફ્લાઇટ્સને જયપુર, 2ને ચંદીગઢ અને 1 ફ્લાઇટને લખનૌ મોકલવામાં આવી હતી. ફ્લાઇટ રડાર-24ના ડેટા મુજબ, દિલ્હી એરપોર્ટ પર સરેરાશ 25 મિનિટનું મોડું થઈ રહ્યું છે. વરસાદના કારણે લગભગ 397 ફ્લાઇટ્સ મોડી પડી હતી, જ્યારે 26 ફ્લાઇટ્સ સંપૂર્ણપણે રદ કરવી પડી હતી.

### દિલ્હીમાં કમર સુધી પાણી ભરાયા

લ્યુટિયન્સ દિલ્હી, મથુરા રોડ, કનોટ પ્લેસ, ભૈરો માર્ગ, આઈટીઓ અને ઝાખીરા અંડરપાસ જેવા અતિ મહત્વના વિસ્તારોમાં ભારે જળબંબાકાર થયો હતો. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયો

...અનુસંધાન પાના 15 પર

### ગુરુગ્રામ, ગાઝિયાબાદમાં ટ્રાફિક જામ અને ભારે નુકસાન

દિલ્હી અને એનસીઆરના ઉપનગરોમાં આશરે એક જ કલાકના મુસળધાર વરસાદે તંત્રની પોલ ખોલી નાખી હતી. ગુરુગ્રામમાં બપોર સુધીમાં જ લગભગ 3 ઈંચ વરસાદ ખાબકતા મોટાભાગના મુખ્ય માર્ગો નદીમાં ફેરવાઈ ગયા હતા. ગુરુગ્રામઃ સોહના રોડ પર ઇસ્લામપુર ગામ નજીક સર્વિસ લેન પર 2 ફૂટ સુધી પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે 4 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. આ સિવાય રાજીવ ચોક, ઇફ્કો ચોક, નરસિંહપુર, હીરો હોન્ડા ચોક, રેલવે રોડ, સેક્ટર 5

...અનુસંધાન પાના 15 પર

### ઓડિશા-પ. બંગાળમાં ભારે વરસાદની ચેતવણી

લો-પ્રેશર સિસ્ટમના કારણે ઓડિશાના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેમાં 8 સ્થળોએ 4 ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. કેઓંઝર જિલ્લાના જોડામાં સૌથી વધુ 6.70 ઈંચ વરસાદ

...અનુસંધાન પાના 15 પર





### નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડના નિયમોમાં સુધારો

કેન્દ્રીય મંત્રી અને સેવા આપતા સેન્ટ્રલ ગવર્નમેન્ટ સેક્રેટરીના સગા દ્વારા કાકડીના ખેતરો માટે સબસિડી મેળવવાનો ખુલાસો થયાના લગભગ બે મહિના પછી કેન્દ્ર સરકારે નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ (એનએચબી)ની 'સ્કીમ ગાઇડલાઇન્સ ઓફ કોમર્શિયલ હોર્ટિકલ્ચર એન્ડ કોલ્ડ સ્ટોરેજ સ્કીમ્સ'માં સુધારો કર્યો છે. તેણે 'પરિવાર'ની વ્યાખ્યામાં સુધારો કરીને અરજદારના પતિ/પત્ની, પિતા, માતા, પુત્રો અને પુત્રીઓને તેના દાયરામાં લાવ્યા છે. આ સાથે બંધારણીય હોદ્દા ધરાવતા વ્યક્તિઓ, વર્તમાન મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, મેયર, જિલ્લા પંચાયત પ્રમુખો અને સરકારી કર્મચારીઓને એનએચબી યોજનાઓ હેઠળ નાણાકીય સહાય માટે અયોગ્ય બનાવ્યા છે. એનએચબી, જે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળની સ્વાયત્ત સંસ્થા છે, તેણે 21 ઓગસ્ટે યોજનાની માર્ગદર્શિકામાં સુધારો કર્યો હતો. નવી માર્ગદર્શિકા હેઠળ સરકારે સ્પષ્ટ કર્યું છે કે પાંચ શ્રેણીના લોકો એનએચબી

...અનુસંધાન પાના 15 પર

## ઈરાનનું ચલણ રિયાલ નવી વિક્રમી નીચી સપાટીએ

**અમેરિકા** દ્વારા નવા પ્રતિબંધોની તૈયારીઓ વચ્ચે રિયાલ ડોલર સામે ૨૦.૨ લાખના સ્તરે પહોંચ્યો

**ઇરાનનો** જીડીપી ૫ ટકા કરતા વધુ ઘટવાનું IMFનું અનુમાન

**તેહરાન, તા. 24 (AP):** અમેરિકા દ્વારા નવી નાણાકીય પ્રતિબંધો લાદવાની તૈયારીઓ વચ્ચે સોમવારે ઈરાનનું ચલણ ઈતિહાસની સૌથી નીચલી સપાટીએ પહોંચી ગયું છે. અમેરિકાનું કહેવું છે કે આ નવા પ્રતિબંધોથી ઈરાનના અર્થતંત્ર પર દબાણ વધુ વધશે, જે અગાઉના પ્રતિબંધો અને અમેરિકી નૌકાદળની ઘેરાબંધીના કારણે પહેલાથી જ ખરાબ સ્થિતિમાં છે.

ચલણ બજાર ખુલતાની સાથે જ એક ડોલર સામે ઈરાની રિયાલ ગગડીને ૨૦.૨ લાખના સ્તરે પહોંચી ગયો હતો. જો કે, ઈરાનની સેન્ટ્રલ બેન્કનો સત્તાવાર દર ડોલર દીઠ આશરે ૧.૫ મિલિયન રિયાલ છે, પરંતુ મોટાભાગના ઈરાનીઓ જે દરે વ્યવહાર કરે છે તે બજારનો દર છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યો તે પહેલાં પણ ઈરાનનું ચલણ દબાણ હેઠળ જ હતું, કારણ કે દેશ બે આંકડામાં ફુગાવો અને નકારાત્મક આર્થિક વૃદ્ધિનો સામનો કરી રહ્યો હતો. પરંતુ છેલ્લાં લગભગ છ મહિનાથી ચાલી રહેલા યુદ્ધે વધુ ભારે નુકસાન પહોંચાડતાં ચલણ સતત

...અનુસંધાન પાના 15 પર

## હવે કાંદા રડાવે છે

**નવી દિલ્હી, તા. 24 (PTI):** પુરવઠો વધારવા અને ભાવમાં થતા મોસમી વધારાને નિયંત્રિત કરવાના પ્રયાસોના ભાગરૂપે કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના નાસિકથી મુખ્ય વપરાશ ધરાવતા કેન્દ્રો સુધી 'કાંદા એક્સપ્રેસ' ટ્રેનો દ્વારા જથ્થાબંધ ડુંગળી મોકલવાનું શરૂ કર્યું છે, તેમ મંગળવારે ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, હાલમાં આ ટ્રેનોમાં લોડ કરવામાં આવી રહેલો સ્ટોક બુધવાર સુધીમાં નિર્ધારિત કેન્દ્રો પર પહોંચવાની ધારણા છે. મંત્રાલય દ્વારા જાળવવામાં આવતા ડેટા દર્શાવે છે કે ઓલ-ઈન્ડિયા સરેરાશ છૂટક ડુંગળીનો ભાવ 24 ઓગસ્ટે વાર્ષિક ધોરણે 59 ટકા વધીને રૂ. 43.53/કિલો થયો છે, જે એક વર્ષ પહેલાં રૂ. 27.37/કિલો હતો. સરેરાશ જથ્થાબંધ ભાવ 68 ટકા વધીને રૂ. 35.58/કિલો થયો હતો, જે અગાઉના

...અનુસંધાન પાના 15 પર

## NEET વિરોધનું નવું રણશિંગું: સીજેપીનું દિલ્હી કૂચનું આહ્વાન

**જે વચનો** આપીને સરકારે આંદોલન સમાપ્ત કરાવ્યું હતું તે વચનોનો પાલનમાં હવે પીછેહટ કરવામાં આવી રહી છે

**5 સપ્ટેમ્બરે** ઇન્ડિયા ગેટથી શરૂ થઇને દિલ્હી પોલીસ મુખ્યાલય સુધી કૂચ જશે





**નવી દિલ્હી, 24 (PTI):** કોકરોચ જનતા પાર્ટી(CJP)એ પરીક્ષામાં ગેરરીતિઓ વિરુદ્ધ તેના 36 દિવસના આંદોલનને પાછું ખેંચવા માટે રાજી કરવા 25 જુલાઈના રોજ કરેલા વાયદાઓ પૂરા કરવામાં કેન્દ્ર સરકાર નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કરીને સોમવારે 5 સપ્ટેમ્બરે દિલ્હીમાં વિરોધ કૂચનું આહ્વાન કર્યું છે.

શિક્ષક દિવસે યોજાનારી આ કૂચ ઈન્ડિયા ગેટથી શરૂ થઈને દિલ્હી પોલીસ હેડક્વાર્ટર તરફ આગળ વધશે, તેમ CJPએ એક નિવેદનમાં

...અનુસંધાન પાના 15 પર

### બાળકો સાથે પશુ જેવો વ્યવહાર થાય છે: CJPએ રાજ્યોને પત્ર લખ્યો

દરમ્યાન, પોતાના હાલના અભિયાનમાં સરકારી શાળાઓની સ્થિતિને કેન્દ્ર સ્થાને રાખી છે, તેણે સોમવારે તમામ રાજ્ય સરકારોને પત્ર લખીને છેલ્લા પાંચ વર્ષની શાળાઓની માળખાકીય સુવિધાઓ, શિક્ષકોની ખાલી જગ્યાઓ અને ભંડોળ અંગેની માહિતી માગી છે. શિક્ષણ મંત્રીઓને લખેલા એકસમાન પત્રોમાં, CJPના સ્થાપક અભિજીત

...અનુસંધાન પાના 15 પર

## ફ્રાન્સમાં ટ્રમ્પ સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં પ્રશ્નોત્તરી નહીં યોજવા ભારતે વિનંતી કરી હતી: ગોર

**ભારત** ખાતેના અમેરિકી રાજદૂતે ફ્રાન્સની G7 સમિટ પછીની પત્રકાર પરિષદની ઘટના યાદ કરી

**પત્રકારોના** પ્રશ્નો નહીં લેવા ભારતે વિનંતી કરી હતી પરંતુ ટ્રમ્પ તે ભૂલી ગયા અને પ્રશ્નો પૂછવા માટે પત્રકારોને કહી બેઠા!





### અમેરિકી પ્રમુખ ટ્રમ્પ અણધાર્યું વર્તન કરી બેસે છે તેથી ભારતે સાવધાનીભર્યો અભિગમ અપનાવ્યો: ભારતનો ખુલાસો

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઘણા વિદેશી નેતાઓ પ્રત્યે કરવામાં આવતા અણધાર્યા વર્તનને કારણે ભારતીય પક્ષે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું અને જૂનમાં ફ્રાન્સમાં અમેરિકી નેતા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાટાઘાટો પછી મીડિયા સાથે વાર્તાલાપ કરવાનું ટાળવાનું પસંદ કર્યું હતું, તેમ સરકારી સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું. આ સ્પષ્ટતા અમેરિકી દૂત સર્જિયો ગોરના જાહેર

...અનુસંધાન પાના 15 પર

**નવી દિલ્હી, તા. 24 :** ભારતે ફ્રાન્સમાં G7 સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની બેઠક પછી પત્રકાર પરિષદમાં પ્રશ્નો પૂછવાનું ટાળવા માટે અમેરિકાને ખાસ વિનંતી કરી હતી, એવો દાવો ભારત ખાતેના અમેરિકી એમ્બેસેડર સેર્ગીયો ગોરે કર્યો છે. ગોરે શનિવારે 'ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમ'માં જણાવ્યું હતું કે, ટ્રમ્પ શરૂઆતમાં સંમત થયા હતા, પરંતુ પછીથી તેઓ આ વિનંતી ભૂલી ગયા હોય તેમ લાગ્યું અને તેમણે પ્રશ્નો આમંત્રિત કર્યા, જેથી વડાપ્રધાન મોદી તેમની બાજુમાં બેઠા હતા ત્યારે જ આ મુલાકાત 45 મિનિટની પ્રેસ કોન્ફરન્સમાં ફેરવાઈ ગઈ હતી.

ગોરના આ દાવાઓ પર પ્રતિક્રિયા

...અનુસંધાન પાના 15 પર

### તા. ૨૪-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૪.૨ સે. | ૨૭.૪ સે. | ૭૧% |

